મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

G NEWS ગરવી તાકાત LIVE

૨૮-૦૫-૨૦૨૫
બુધવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૪૪
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

### મહેસાણાની ટિકિટ ન મળ્યા બાદ ભાજપમાં હાલમાં સાઈડલાઈન થયેલા નીતિન પટેલ માટે પણ કડીમાં પોતાનું વર્ચસ્વ દેખાડવાનો મોકો

# કડી અને વિસાવદરની પેટાચૂંટણીમાં કોંગ્રેસ-આપ અને ભાજપ મેદાને છે પરંતુ હાલ ભાજપ અને કોંગ્રેસને આંતરિક મોરચે મોટી લડાઈ લડવાની છે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

ગુજરાતમાં પેટાચૂંટણીના પડઘમ વાગી ગયા છે. કડી અને વિસાવદરની બેઠક માટે ફોર્મ ભરાવાના પણ શરૂ થઈ ગયા છે. ત્રિપાંખિયા જંગ વચ્ચે સૌથી અઘરી પરીક્ષા એ કોંગ્રેસની છે. વિસાવદરમાં આપના ઉમેદવારે રાજીનામું આપતાં યોજાઈ રહેલી ચૂંટણીમાં ગોપાલ ઈટાલિયા નસીબ અજમાવી રહ્યાં છે તો ભાજપ આપ છોડનાર ભૂપત ભાયાણીને ટિકિટ આપે છે કે કેમ એ તો આગામી સમય જ બતાવશે પણ આ બેઠક માટે જયેશ રાદડિયા અને કમલેશ વિરાણીએ પોતાના પત્તાં ગોઠવવાના શરૂ કરી દીધા છે. મહેસાણાની ટિકિટ ન મળ્યા બાદ ભાજપમાં હાલમાં સાઈડલાઈન થયેલા નીતિન પટેલ માટે પણ કડીમાં પોતાનું વર્ચસ્વ દેખાડવાનો મોકો છે. ભાજપ પણ જબરી ગેમ રમી રહ્યું છે. ટાઢા પાણીએ ખસ કાઢવાનો ખેલ રમી રહ્યું છે. રાદડિયાએ સહકારી ચૂંટણીમાં ભાજપનો ખેલ પાડી દીધો હોવા છતાં ભાજપ સમસમીને ચૂપ રહ્યું છે. હવે તેમને વિસાવદરના પ્રભારી બનાવ્યા છે. વિસાવદર એવી બેઠક છે કે જે ક્યારેય સત્તામાં હોય એને જીતાડતી નથી. આ જ સ્થિતિ નીતિન પટેલની પણ છે.

કડી એ નીતિન પટેલનો મત વિસ્તાર છે પણ આ બેઠક અનામત થતાં નીતિન પટેલને મહેસાણા જવું પડ્યું હતું. મહેસાણાથી ટિકિટ ના આપતાં કાકાના હુલામણા નામે જાણીતા નીતિન પટેલ હાલમાં કડીમાં ફરી સક્રિય થઈ ગયા છે. ભાજપમાંથી હાલમાં નરેશ કનોડિયાના દીકરા હિતુ




કનોડિયાનું નામ ચાલી રહ્યું છે પણ ભાજપ કોથળામાંથી બિલાડું કાઢવા માટે ફેમસ છે. સૌથી મોટી બાબત એ પણ છે કે આપમાંથી ઈસુદાનની પણ તાકાત મપાઈ જશે. વિસાવદર એ આપના ઉમેદવારે જીતેલી બેઠક છે.

ભાજપ માટે પણ આ બેઠક પર જીતવું એ વટનો સવાલ છે. ભાજપે પણ ખેલ પાડીને આ બેઠકના પ્રભારી જયેશ રાદડિયાને બનાવ્યા છે. જયેશ રાદડિયા હમણાં ભાજપથી અલગ ચોકો રચીને સહકારી ક્ષેત્રમાં હંફાવી રહ્યાં છે હવે ભાજપે તેમને ફરી મેદાને ઉતારી દીધા છે. ભાજપ ભૂપત ભાયાણીને ટિકિટ આપે છે કે કેમ પણ અહીં પાટીદાર ઉમેદવાર હશે એ ફાયનલ છે. આપે ઈટાલિયાને ટિકિટ આપી પાટીદાર કાર્ડ ખેલ્યું છે , કોંગ્રેસ પણ અહીં મજબૂત પાટીદાર ઉમેદવાર શોધી રહી છે. પહેલાં આ બેઠક પર હર્ષદ રિબડિયાનો દબદબો હતો પણ પક્ષપલટાનું લેબલ બાદ એમની રાજકીય કારકીર્દીને ગ્રહણ લાગી ગયું છે. કડીમાં ભાજપ અને કોંગ્રેસ બંનેનો દબદબો રહ્યો છે. કોંગ્રેસ માટે સૌથી મોટો ખેલ અહીં જિગ્નેશ મેવાણી રમી ગયો છે. આ એસસીની બેઠક હોવાથી કોંગ્રેસે જિજ્ઞેશ મેવાણીને તક આપી હતી પણ મેવાણી હાલમાં દિલ્હીના આંટાફેરામાં વ્યસ્ત છે. કોંગ્રેસ પોતાનું ગુમાવેલું અસ્તિત્વ ફરી રિટર્ન મેળવવા માગે છે પણ મેવાણીના નનૈયાથી કોંગ્રેસના ઘણાને આંચકો લાગ્યો છે.

ગુજરાત કોંગ્રેસમાં જૂથવાદ અને રાજકીય ડખા યથાવત છે. એવામાં ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીને કડી બેઠક પર પ્રભારી તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી પણ તેમણે ધરાર ના પાડી છે. હવે તેમની જગ્યાએ પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદીન શેખને જવાબદારી આપવી પડી છે. પ્રદેશ નેતાગીરીથી નારાજ મેવાણીએ દિલ્હી દરબારમાં રજૂઆત કરી હોવાનું જાણવા મળ્યું છે. ગ્યાસુદીન શેખ અમદાવાદ છોડીને કડી બેઠક પર પોતાનો પ્રભાવ કેવી રીતે ઉભો કરશે એ સૌથી મોટો સવાલ છે.

કડી બેઠક પર ભાજપ પૂર્વ ધારાસભ્ય હિતુ કનોડિયા પર પસંદગી ઉતારે તો પણ કોઈ નવાઈ નહીં. જ્યારે કોંગ્રેસ પણ પૂર્વ ધારાસભ્ય નૌશાદ સોલંકીને ટિકિટ આપે તેવી ચર્ચા છે. ૩૦ મેના દિવસે આપના ઉમેદવાર ગોપાલ ઈટાલિયા ફોર્મ ભરશે તે વખતે આપ સુપ્રિમો અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી આતિશી પણ હાજર રહેશે. આમ, કડી-વિસાવદરની પેટાચૂંટણી જીતવા રાજકીય પક્ષો સક્રિય થયાં છે. વિસાવદરમાં આપે ગોપાલ ઈટાલિયાને ચૂંટણી મેદાને ઉતાર્યા છે ત્યારે ભાજપે પૂર્વ મંત્રી જયેશ રાદડિયાને આ બેઠકના પ્રભારી બનાવી માસ્ટર સ્ટ્રોક કર્યો છે.

### કડી વિધાનસભા બેઠક પર પેટાચૂંટણી માટે 'આપ' તૈયાર : ઈસુદાન ગઢવી

## કેજરીવાલજીના માર્ગદર્શન હેઠળ ઉમેદવાર એકાદ દિવસમાં જાહેર કરવામાં આવશે: ઈસુદાન ગઢવી

(ગરવી તાકાત) કડી તા.૨૭

કડી વિધાનસભાની પેટાચૂંટણીની તૈયારીઓ અંતર્ગત આજ રોજ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને ખેડૂત હિતોના નિડર વકતા ઈસુદાન ગઢવીએ કડી શહેરમાં પક્ષના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કર્યું. આ કાર્યાલય આગામી ચૂંટણીના સંગઠનાત્મક આયોજન અને જનસંપર્ક માટે કેન્દ્ર તરીકે કામ કરશે. ઉદ્ઘાટન પ્રસંગે ઉત્તર ઝોનના પ્રભારી રાજેશ શર્મા, સંગઠન મંત્રી જયદીપ ચૌહાણ, મહેસાણા જિલ્લા પ્રમુખ જયદેવ ચાવડા સહીત પ્રદેશના મુખ્ય નેતાઓ અને સ્થાનિક હોદ્દેદારો હાજર રહ્યા હતા. આ તમામ લોકોએ આ પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટી વિક્રમજનક માર્જિનથી જીતે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.


(તસ્વીર-અહેવાલ : જૈમિન સથવારા, કડી)

ઉદ્ઘાટન પ્રસંગે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે હાલ વિસાવદર અને કડીની બે પેટા ચૂંટણીઓ આવી રહી છે અને આમ આદમી પાર્ટી આ બંને ચૂંટણીઓ લડી રહી છે. વિસાવદરથી આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલીયા ચૂંટણી લડી રહ્યા છે. કડીમાં પણ અમે ઉમેદવાર ઊભા રાખીશું કારણકે ભાજપે કડીમાં કોઈ વિકાસ કર્યો નથી અને જનતા ત્રાહિમામ પોકારી ચૂકી છે. હાલ ભ્રષ્ટાચાર ચરમસીમાએ પહોંચી ગયો છે અને મંત્રીઓ પોતે ભ્રષ્ટાચાર કરી રહ્યા છે. મંત્રીઓના દીકરાઓ ભ્રષ્ટાચારમાં પકડાઈ રહ્યા છે માટે આવી પરિસ્થિતિમાંથી ગુજરાતને છોડાવવા માટે આમ આદમી પાર્ટી આ ચૂંટણી લડી રહી છે અને ભાજપને ભગાડવાની છે. આજે સેન્ટ્રલ અને જિલ્લાના હોદ્દેદારોની અમે મીટીંગ કરી છે અને ઉમેદવારોને લઈને અમે ચર્ચા કરી છે. આવનાર એક જ દિવસમાં કડી વિધાનસભા માટે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજીના નેતૃત્વમાં અને તેમના માર્ગદર્શન હેઠળ ઉમેદવાર જાહેર કરવામાં આવશે.

### ગાંધીનગરમાં ૫૫૩૬ કરોડની પરિયોજનાઓના લોકાર્પણ-શિલાન્યાસ પ્રસંગે ઉદબોધન

## ઓપરેશન સિંદુર કેમેરા સામે કર્યું, જેથી કોઈ પુરાવા ન માંગે: મોદી

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૭

વડાપ્રધાન મોદીનો ગુજરાત પ્રવાસનો આજે બીજો દિવસ છે. આજે ગાંધીનગરમાં ૨ કિલોમીટર લાંબો રોડ શો કર્યા બાદ ગાંધીનગરમાં ગુજરાતની શહેરી વિકાસ યાત્રાના ૨૦ વર્ષ પુરા થવાના અવસરે વડાપ્રધાને ગુજરાત માટે ૫૫૩૬ કરોડ રૂપિયાની પરિયોજનાઓનું ઉદઘાટન કર્યુ હતું આ તકે ફરી એકવાર વડાપ્રધાને ઓપરેશન સિંદુરની વાત કરતા કહ્યું હતું કે અમે આતંકવાદનાં ૯ ઠેકાણાઓ નકકી કરી નાખ્યા હતા અને આ બધુ કેમેરાની સામે થયુ હતું. જેથી કોઈ પુરાવા ન માગે.




મોદીએ વધુમાં જણાવ્યું હતું કે હું બે દિવસથી ગુજરાતમાં છુ. હું જયાં ગયો ત્યાં ગર્જના કરતો સિંદુરીયો સતાર અને લહેરાતો તિરંગો જન જનતા હૃદયમાં માતૃભુમિ પ્રત્યે અપાર પ્રેમ અને દેશભકિતની ભરતી જોવા મળી. આ દ્રશ્ય માત્ર ગુજરાતમાં જ નહિં હિન્દૂસ્તાનના ખુણેખુણામાં છે.દરેક હિન્દુસ્તાનની દિલમાં છે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે શરીર ભલે ગમે તેટલુ મજબુત કે સ્વસ્થ કેમ ન હોય પણ એક પણ કાંટો સતત દર્દ આપે છે.એટલે અમે નકકી કર્યુ હતું કે કાંટો તો કાઢવો જ પડશે. પીએમે જણાવ્યું હતું કે ૧૯૪૭ માં ભારતીના ટુકડા થય.કપાવી જોઈતી હતી સાંકળો પણ કપાઈ ભુજાઓ. દેશના ત્રણ ટુકડા કરી દેવામાં આવ્યા અને એ રીતે પહેલા આતંકી હુમલો કાશ્મીરની ધરતી પર થયો હતો.

મા ભારતીનો એક ભાગ આતંકવાદીઓનાં જોરે મુજાહીદોના નામે પાકિસ્તાને હડપી લીધો હતો જો તે દિવસે મુજાહીદોને મોતને ઘાટ ઉતારી દેવાયા હોત અને સરદાર પટેલની વાત માનવામાં આવી હોત તો ૭૫ વર્ષથી ચાલતી આવતી આ આતંકી ઘટનાઓનો સિલસિલો જોવા ન મળ્યો.

સરદાર ઈચ્છતા હતા કે જયાં સુધી પીઓકે આપણને પાછુ ન આવે ત્યાં સુધી સેના પાછી ન આવવી જોઈએ પણ તેમની વાત નહોતી માનવામાં આવી. વડાપ્રધાને જણાવ્યું હતું કે જયારે જયારે યુધ્ધની નોબત આવી છે. ભારતની સૈન્ય શકિતએહે પાકિસ્તાનને ધૂળ ચટાડી દીધી છે.

પાકિસ્તાન સમજી ગયુ છે કે તે સીધી લડાઈમાં ભારતને જીતી નથી શકવાનું એટલે તેણે પ્રોકસી વોરનો સહારો લીધો છે તેણે આતંકીઓ તૈયાર કરવા શરૂ કર્યા તે ભારત મોકલવા લાગ્યુ આપણે જયારે તેના આતંકીઓને ઘરમાં ઘુસીને મારીએ છીએ તો તેઓ સન્માન સાથે આતંકીઓને મોકલે છે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે ૬ મેની રાત્રે જે લોકો માર્યા ગયા તેમના જનાજાને સ્ટેટ ઓનર આપ્યુ હતું. અને તેમના તાબુતોમાં પાકિસ્તાનનાં ઝંડા લગાવવામાં આવ્યા. મોદીએ જણાવ્યું હતું કે વસુધૈવ કુટુંબકમ આપણા સંસ્કાર છે.

આપણું ચરિત્ર છે. આપણે તેને જીવ્યા છીએ તેઓ પણ સુખચેનથી જીવે અને અમને પણ જીવવા દે.

આપણે નિષ્ઠ ભાવ સાથે કોટીકોટી ભારતીયોના કલ્યાણ માટે કામ કરીએ છીએ તેમ છતાં જયારે વારંવાર અમારા સામર્થ્યને વલકરવામાં આવે તો આ દેશ વીરોની પણ ભુમિ છે.

## કડી (અ.જા.) વિધાનસભા ચૂંટણી મતવિભાગ માટે નામાકંન પત્રો બાબતે જાહેરનામું પ્રસિદ્ધ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

ચૂંટણી અધિકારી, ૨૪-કડી (અ.જા. ) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાન્ત અધિકારીશ્રી -કડી એ.ડી.મિયાત્રાની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર તા.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ આ વિધાનસભા મતવિભાગ માટે નામાકંન પત્રો બાબતે નીચેની વિગત જાહેર કરવામાં આવેલ છે.



(૧) ઉમેદવાર કે તેમના નામની દરખાસ્ત મૂકનાર પૈકી કોઈ એક વ્યકિત ચૂંટણી અધિકારી, ૨૪-કડી (અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, કડીને પ્રાંત અધિકારીની ચેમ્બર, પ્રાંત કચેરી પ્રથમ માળ, તાલુકા સેવા સદન, કડી-કરણનગર રોડ, કડી ખાતે અથવા મદદનીશ ચૂંટણી અધિકારી, ૨૪-કડી (અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદાર, કડીને મામલતદારની ચેમ્બર, મામલતદાર કચેરી, પ્રથમ માળ, તાલુકા સેવા સદન, કડી-કરણનગર રોડ, કડી ખાતે મોડામાં મોડું તારીખ ૦૨/૦૬/૨૦૨૫ (સોમવાર) સુધીમાં કોઈપણ દિવસે (જાહેર રજાના દિવસ સિવાય) સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા સુધીમાં નામાંકન પત્રો પહોંચાડી શકશેઃ (૨) નામાંકન પત્રનાં ફોર્મ ઉપર દર્શાવેલ સ્થળે અને સમયે મળી શકશે:(૩) તા.૨૬/૦૫/૨૦૨૫ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યા સુધીમાં કુલ ૬ નામાકંન પત્રોનું વિતરણ થયેલ છે.

### જિલ્લામાં કુલ કેસની સંખ્યા ૧૦ થઈ ગઈ

## મહેસાણામાં કેરોનો વાયરસનો એક નવો કેસ નોંધાયો : આરોગ્ય તંત્ર સતર્ક



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

મહેસાણા જિલ્લામાં કોરોના વાયરસે ફરી એન્ટ્રી કરી છે. શહેરમાં આજે એક નવો કેસ નોંધાયો છે. જિલ્લા વહીવટી વિભાગ અને આરોગ્ય તંત્ર સતર્ક બન્યા છે. જિલ્લામાં બે દર્દીના RTPCR સેમ્પલ લેવામાં આવ્યા હતા. તેમાંથી એક મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે જિલ્લામાં કુલ કેસની સંખ્યા ૧૦ થઈ ગઈ છે.

હાલમાં ૭ દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે. એક દર્દી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. બે દર્દીઓએ કોરોનાને માત આપી છે અને તેઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. કુલ ૧૦ કેસમાંથી ૮ દર્દીઓ સારવાર હેઠળ છે. બે દર્દીઓને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે.

### મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો

## વિજાપુર તાલુકાના ખરોડ નજીક રાણીયાપુરા ગામમાં કૌટુંબિક ઝઘડામાં એક વ્યક્તિનું મોત નિપજ્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

વિજાપુર તાલુકાના ખરોડ નજીક રાણીયાપુરા ગામમાં કૌટુંબિક ઝઘડામાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે. મૃતક રમેશસિંહ બાબુસિંહ ઝાલા પશુપાલન અને ખેતીનો વ્યવસાય કરતા હતા.

સોમવારે રાત્રે બાર વાગ્યે રમેશસિંહને ધાબા પર કોઈ જતું દેખાયું હતું. તેઓ જોવા માટે બાજુના ઘરની સીડી ઉતર્યા હતા. ત્યાં તેમના કૌટુંબિક ભાઈ અને ભાભી સૂતેલા હતા. રમેશસિંહનો પગ તેમના ખાટલાને અથડાયો હતો.

મંગળવારે સવારે સાત વાગ્યે આ ઘટના અંગે દીપકસિંહ, કિશનસિંહ, દશરથસિંહ અને



કિરણબેન રમેશસિંહના ઘરે આવ્યા હતા. જ્યા ઝઘડો થયો હતો. જે દરમિયાન રમેશસિંહના પિતાને ધક્કો મારી પાડી દીધા હતા. તેમજ કિશનસિંહે રમેશસિંહને પકડી રાખ્યા હતા. દીપકસિંહે લાકડાના બોથડથી રમેશસિંહના માથામાં મારતાં તેમને ગંભીર ઈજા થઈ હતી.

રમેશસિંહને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મૃતકના પત્ની ભાવનાબેને દીપકસિંહ, કિશનસિંહ, દશરથસિંહ અને કિરણબેન વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસ ઈન્સ્પેકટર વનરાજસિંહ ચાવડા કેસની તપાસ કરી રહ્યા છે.

પોલીસે ઘટનાની ગંભીરતાને લઈને તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે.




# ભારત-પાકિસ્તાન સીઝફાયર અને પોસ્ટર યુદ્ધ બંને પક્ષે શરમજનક..!

ભારત સરકારે પાકિસ્તાનની પોલ ખોલવા ૪૦ સાંસદોની સાત ટીમ જુદા જુદા દેશોમાં મોકલવાનું નક્કી કર્યું છે. આ ડેલિગેશન ઓપરેશન સિંદૂર અંગે સાચી વાતો જુદા જુદા દેશોને જણાવશે અને આતંકવાદ અંગે સરકારની ઝીરો ટોલરન્સ નીતિની જાણકારી આપશે. વિદેશમાં ભારતીય ડેલિગેશને બચાવની કે સહાનૂભૂતિ ઉઘરાવવાની ભૂમિકામાં રહેવાનું નથી. તેણે તો સોય ઝાટકીને દુનિયા સમક્ષ પાકિસ્તાનની કુટિલ અને નિર્લજ્જ રાજનીતિને ઉઘાડી પાડીને અન્ય દેશો પાકિસ્તાનનાં સમર્થનમાં ઊભા જ ન રહે એવી સ્થિતિ ઊભી કરવાની છે. જેમાં કોંગ્રેસે આપેલાં નામોમાં આનંદ શર્મા, ગૌરવ ગોગોઈ, રાજા બરાર અને ડૉ. સૈયદ નસીર હુસેનનાં નામો હતાં, પણ કેન્દ્ર સરકારે એને બાજુ પર રાખીને શશિ થરૂરનું નામ પસંદ કર્યું. થરૂરે સોનિયા ગાંધીનાં નેતૃત્વ સામે સવાલો ઉઠાવેલા એટલે કોંગ્રેસની ગુડ બુકમાં તેઓ નથી. કોંગ્રેસ અધ્યક્ષ તરીકે મલ્લિકાર્જુન ખડગે સર્વાનુમતે ચૂંટવાની કોંગ્રેસની મનસા પર થરૂરે ચૂંટણીમાં ઝંપલાવીને પાણી ફેરવી દીધેલું. થરૂર ત્રણેક ટર્મથી દેશના ઘડાયેલા સાંસદ છે. વધારામાં, યુનાઈટેડ નેશન્સમાં તેઓ ભારતના પ્રતિનિધિ તરીકે કામ કરી ચૂક્યા છે. ઓવૈસીનું નામ બંધારણના જાણકાર વકીલ તરીકે અને મુસ્લિમોના પ્રતિનિધિ તરીકે પણ વિચારી શકાયું હોત. ઓવૈસી ડેલિગેશનમાં છે એ ખરું. પણ આ ડેલિગેશનથી પાકિસ્તાન સુધરી જશે એમ બનવાનું નથી. એ તો ફરી એકવાર લશ્કરી શાસનનો નમૂનો પૂરો પાડવાની ફિરાકમાં જણાય છે. પાક સરકારે અસીમ મુનીરને આર્મીનું ફિલ્ડ માર્શલનું સર્વોચ્ચ બિરુદ આપી દીધું છે. શાહબાઝ સરકારે સત્તા ટકાવવા આર્મી ચીફ મુનીરને રાજી કર્યા હોય, પણ અગાઉના આર્મી ચીફ પાકિસ્તાનના રાષ્ટ્રપતિ બની ગયેલા તેવું મુનીર કરે તો.?

કટોકટીની પળોમાં દેશ એક છે, એ વાતમાં વિપક્ષની ભૂમિકા સંદિગ્ધ છે. થરૂરની ઘટના અને ભારતના વિદેશમંત્રી જયશંકરની વાત, બંને વાતો એક જ દિવસે સામે આવી છે. કોંગ્રેસી નેતા રાહુલ ગાંધી, વિદેશમંત્રી જયશંકરને એક સવાલ પૂછે છે કે ઓપરેશન સિંદૂરની વાત પાકિસ્તાનને અગાઉથી જણાવી દેવાઈ હતી કે કેમ? વિદેશ મંત્રાલયે રાહુલના દાવાને રદિયો આપતાં કહ્યું છે કે વિદેશમંત્રી જયશંકરની વાતને રાહુલ ખોટી રીતે રજૂ કરી રહ્યા છે. છતાં રાહુલ ગાંધીએ કહેવાનું ચાલુ જ રાખ્યું છે કે વિદેશ મંત્રીએ સાર્વજનિક સ્તરે એ સ્વીકાર્યું છે કે ભારતે પાકિસ્તાનને ઓપરેશન સિંદૂરનો મેસેજ મોકલ્યો જ છે. સામે ભાજપના ઈન્ફર્મેશન ટેકનોલોજીના ચીફ અમિત માલવીયે રાહુલ ગાંધીને તે વખતના અંગ્રેજોના મદદગાર મીરજાફરનું પોસ્ટર બહાર પાડી પાકિસ્તાનના મદદગાર ગણાવી ઠેકડી ઉડાવી, તો કોંગ્રેસી પ્રવક્તા પવન ખેરાએ એક પોસ્ટર બહાર પાડી વિદેશમંત્રી જયશંકરને જયચંદની ઓળખ આપી, જેણે પણ અંગ્રેજોને મદદ કરી હતી. આવું પોસ્ટર યુદ્ધ બંને પક્ષે શરમજનક છે. તૃણમૂલ કોંગ્રેસનાં મંત્રી એવી દલીલ કરે છે કે વિદેશ જનારાં ડેલિગેશનનાં નામો સરકાર પસંદ ન કરી શકે. સીએમ મમતાનાં દબાણમાં વડોદરાના ક્રિકેટર અને સાંસદ યુસુફ પઠાણે ડેલિગેશનથી કિનારો કરી લીધો. દેશનો દુશ્મન એની જગ્યાએ જ ઉભો છે અને સત્તા પક્ષ ભાજપ અને વિપક્ષ સામસામે આવી જાય એ કોઈ રીતે ઈચ્છનીય ગણી શકાય નથી. પાકિસ્તાની આતંકી ડેસ્ટીનેશન પરના હુમલા વખતે તમામ વિપક્ષો સરકારની સાથે રહ્યા હોય ને ઓપરેશન સિંદૂર અટક્યું નથી, તે સમયમાં સૌ સાથે જ હોય, તે સંજોગોમાં આવા આક્ષેપો અને ચર્ચાઓ દેશહિતની વાત નથી.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## અમેરિકામાં માથાદીઠ વાર્ષિક આવક ૮૦ હજાર ડોલર છે, જ્યારે ભારતમાં તે માત્ર ૨,૫૦૦ ડોલર છે, કોંગ્રેસ નેતા ટીએસ સિંહદેવ

અંબિકાપુર,તા.૨૭

ભારત વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે. અમે જાપાનને પાછળ છોડીને આ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સિદ્ધિ પર દેશભરમાં ખુશીની લહેર છે. જોકે, હવે આના પર રાજકારણ પણ શરૂ થઈ ગયું છે. છત્તીસગઢ કોંગ્રેસના વરિષ્ઠ નેતા ટીએસ સિંહદેવે કહ્યું કે આપણે ચોથા કે ત્રીજા સ્થાન વિશે વાત કરીએ છીએ, પરંતુ અમેરિકામાં માથાદીઠ વાર્ષિક આવક ૮૦ હજાર ડોલર છે, જ્યારે ભારતમાં તે માત્ર ૨,૫૦૦ ડોલર છે.

કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા ટીએસ સિંહદેવે કહ્યું કે વડા પ્રધાન મોદી આ મુદ્દા પર વાત કરતા નથી. આપણે એ પણ જોવું જોઈએ કે માથાદીઠ આવકની દ્રષ્ટિએ આપણે ક્યાં છીએ. પ્રધાનમંત્રી મોદીએ પોતાના 'મન કી બાત' સંબોધનમાં આતંકવાદ સામેની લડાઈ અંગે કહ્યું કે આતંકવાદને જડમૂળથી ઉખેડી નાખવાનો દરેક ભારતીયનો સંકલ્પ છે. આના પર ટીએસ સિંહદેવે કહ્યું કે જો આજે આ ઠરાવ લેવામાં આવી રહ્યો છે, તો શું મોદીજીએ છેલ્લા ૧૧ વર્ષથી પ્રધાનમંત્રી રહીને આ ઠરાવ નહોતો લીધો?

દેશ આઝાદીના સમયથી આ સંકલ્પ લેતો આવ્યો છે. દેશના લોકોએ સમયાંતરે આતંકવાદ અને નક્સલવાદ સામે લડત આપી છે અને ઘણી જગ્યાએ સફળતા પણ મેળવી છે. આનો શ્રેય પોતાના જીવનું બલિદાન આપનારા શહીદોને જાય છે.

છત્તીસગઢના બસ્તર પ્રદેશને મુખ્ય પ્રવાહ સાથે જોડવાના પ્રયાસો અંગે તેમણે કહ્યું કે આ પ્રક્રિયા ઘણા સમયથી ચાલી રહી છે. તેમણે કહ્યું કે દાયકાઓથી બસ્તરને મુખ્ય પ્રવાહ સાથે જોડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને આજે વિકાસની ગતિ વધી છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે જો કોઈ આજે તેનો શ્રેય લેવા માંગે છે, તો તે નક્સલવાદ સામે લડતા પોતાના જીવનું બલિદાન આપનારા શહીદોનું અપમાન હશે.

### ૨૪ કલાકમાં ૪ રોડ શો : બે દિવસમાં ૮૨૦૦૦ કરોડના વિકાસકામોની ભેટ

# ગાંધીનગરમાં વડાપ્રધાન મોદીનો રોડ શો : શહેરી વિકાસ વર્ષનો પ્રારંભ કરાવ્યો

**મહાત્મા મંદિર ખાતેના કાર્યક્રમમાં ૫૫૩૬ કરોડના વિકાસકામોનુ લોકાર્પણ - ખાતમુહુર્ત**

**રાજભવનથી મહાત્મા મંદિર સુધી સિંદુર સન્માનયાત્રામાં જનમેદની ઉમટી**

ગાંધીનગર તા.૨૭

ગુજરાતના બે દિવસના પ્રવાસે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગાંધીનગર ખાતેના કાર્યક્રમમાં શહેરી વિકાસવર્ષ ૨૦૨૫નો પ્રારંભ કરાવ્યો હતો અને ૫૫૩૬ કરોડ રૂપિયાના વિકાસકામોનુ લોકાર્પણ-ખાતમુર્હુત કર્યુ હતું. કાર્યક્રમ પુર્વે ગાંધીનગરમાં પણ ભવ્ય સિંદુર સન્માન યાત્રા- રોડ શો યોજાયો હતો તેમાં મોટી માનવમેદની ઉમટી હતી અને દેશભક્તિનો રંગ છલકાતો હતો.

પહેલગામ હુમલા બાદ ઓપરેશન સિંદુર શરૂ કરીને પાકિસ્તાનને ધૂળ ચાટતુ કરી દીધા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ વખત વતન ગુજરાતની મુલાકાતે આવ્યા હોવાથી અભૂતપૂર્વ સ્વાગત-સન્માન કરવામાં આવ્યુ હતું.



### વડાપ્રધાન રાત્રે લગ્ન પ્રસંગમાં પહોંચ્યા

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બે દિવસના ગુજરાત પ્રવાસમાં ભરચકક કાર્યક્રમો હતા. ચાર રોડ શો ઉપરાંત ત્રણ કાર્યક્રમોમાં સામેલ થયા હતા. રાત્રિરોકાણ રાજભવનમાં કર્યુ હતું. આ દરમ્યાન રાત્રે લગ્નપ્રસંગમાં હાજરી આપવા પણ પહોંચી ગયા હતા. રાજયના કેબીનેટમંત્રી બળવંતસિંહ રાજપૂતના પુત્ર અર્જુનસિંહના લગ્નનો સમારોહ હતો તેમાં હાજરી આપીને વડાપ્રધાને નવદંપતિને આશિર્વાદ આપ્યા હતા.**

દાહોદ-ભુજ-અમદાવાદમાં ગઈકાલે રોડશો સહિતના કાર્યક્રમો બાદ પ્રવાસના આજના બીજા દિવસે નરેન્દ્ર મોદી ગાંધીનગર મહાત્મા મંદિર ખાતેના કાર્યક્રમમાં સામેલ થયા હતા. વિકાસકાર્યોની ભેટ આપવાની સાથોસાથ શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫નો પ્રારંભ કરાવ્યો હતો.

મહાત્મા મંદિર ખાતેના કાર્યક્રમ પુર્વે વડાપ્રધાન મોદીનો રાજભવનથી મહાત્મા મંદિર સુધીનો રોડ શો યોજવામાં આવ્યો હતો. જેમાં જનમેદની ઉમટી હતી. રાષ્ટ્રભક્તિનો રંગ ઘુંટાયો હતો. ઓપરેશન સિંદુર બદલ વડાપ્રધાનના વધામણા લેવામાં આવ્યા હતા.

મહાત્મા મંદિર ખાતેના કાર્યક્રમમાં વડાપ્રધાન મોદી દ્વારા ૫૫૩૬ કરોડ રૂપિયાના વિકાસકામોની ભેટ આપવામાં આવી હતી. ઉપરાંત ગુજરાત શહેરી વિકાસની ૨૦મી વર્ષગાંઠ પર શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫નો પ્રારંભ કરાવ્યો હતો.

બે દિવસના પ્રવાસ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગઈકાલે દાહોદ, ભુજ તથા આજે ગાંધીનગરના કાર્યક્રમમાં સામેલ થયા હતા અને કુલ ૮૨૦૦૦ કરોડથી વધુના વિકાસકામોની ભેટ આપી હતી. દાહોદથી લોકોમોટીવ વિનિર્માણ સહિત ૨૪૦૦૦ કરોડના પ્રોજેકટોનું લોકાર્પણ-ખાતમુર્હુત કર્યુ હતું.

૯૦૦૦ હોર્સપાવરના લોકોમેટીવ એન્જીનની સાથે ૨૧૪૦૫ કરોડના ખર્ચવાળા રોલીંગ સ્ટોક વર્કશોપનું પણ અનાવરણ કર્યુ હતું. આ સિવાય અમદાવાદ-વેરાવળ વંદેભારત ટ્રેનની લીલીઝંડી આપી હતી. આ તકે એવું જાહેર કર્યુ હતું કે ગુજરાતમાં રેલલાઈનોનું ૧૦૦ ટકા ઈલેકટ્રીફીકેશન થઈ ગયુ છે.

વડાપ્રધાને ભુજના કાર્યક્રમમાં ૫૩૪૦૦ કરોડના પ્રોજેકટોનું લોકાર્પણ-ખાતમુર્હુત કર્યુ હતું.

આજે ગાંધીનગરથી કુલ ૫૫૩૬ કરોડના વિકાસકામોનું ખાતમુર્હુત-લોકાર્પણ કરવામાં આવ્યુ હતું તેમાં સુરતમાં ૨૩૨ કરોડના ખર્ચે બનીને તૈયાર થયેલા બાયોડાયવર્સિટી પાર્કનો પણ સમાવેશ થાય છે.

બે દિવસના પ્રવાસ દરમ્યાન હજારો કરોડના વિકાસકામોની ભેટ સાથે વડાપ્રધાને ૨૪ કલાકમાં ચાર રોડ શો કર્યા હતા. ગઈકાલે વડોદરામાં આગમન સાથે એરપોર્ટથી એરફોર્સ ગેટ સુધી રોડ શો કરાયો હતો. સાંજે કચ્છમાં તથા મોડી સાંજે અમદાવાદમાં રોડ-શો યોજાયો હતો. આજે ગાંધીનગરમાં સિંદુર સન્માન યાત્રા કરી હતી.

### શનિદેવની સાડા સાતી પનોતીથી લોકો ભયભીત થઇ જાય છે પરંતુ શનિદેવ દયાળુ દેવ છે : શ્રી રંગનાથાચાર્યજી મહારાજ

# શ્રી નાગરવેલ હનુમાનજી મંદિર ખાતે શ્રી શનિદેવ જન્મોત્સવની લઘુરૂદ્રાભિષેક સાથે ભવ્ય ઉજવણી કરાઈ

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૭

અમદાવાદના અમરાઈવાડી-રખિયાલ રોડ પર આવેલ પ્રાચીન શ્રી નાગરવેલ હનુમાનજી મંદિર ખાતે શ્રી શનિદેવ મહારાજની જન્મોત્સવની ભારે ભવ્યતાથી ઉજવણી કરવામાં આવી હતી.વહેલી સવારથી શનિભક્તોએ શનિદેવને તેલ, પુષ્પ, ફૂલહાર અને દિપ પ્રગટાવી પૂજા અર્ચના કરી હતી.સાથે-સાથે કાળું કાપડ, કાળા અડદ, કાળા તલ, કાળી છત્રી, કાળા બુટ ચંપલ અને લોખંડની વસ્તુઓ અર્પણ કરી જીવનની ધન્યતા અનુભવી હતી અને શનિદેવની શુભકૃપા દ્રષ્ટિ અને મહેર હંમેશા બની રહે તે માટે મંગલ કામના કરી હતી.આ જન્મોત્સવ પ્રસંગે શનિદેવ મંદિરમાં આવેલ શનિદેવની ભવ્ય શીલા ઉપર સરસોના તેલથી મંત્રોચ્ચાર સાથે મંદિરના પૂજારીઓ અને



શનિભક્તો દ્વારા લઘુરૂદ્રાભિષેક કરવામાં આવ્યું હતું. મંદિરના પટાંગણમાં સમગ્ર વિશ્વમાં શાંતિ અને માનવ સમાજનાં કલ્યાણ અર્થે શનિહવનનું આયોજન કરી આહુતિઓ આપવામાં આવી હતી. સાથે-સાથે બટુક ભોજન અને શનિદેવની ભવ્ય મંગલ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી શનિ જન્મોત્સવના શુભ પ્રસંગે શ્રી નાગરવેલ હનુમાન મંદિરના મહંત શ્રી રંગનાથાચાર્યજી મહારાજે ભાવિક ભક્તોને જણાવ્યું હતું કે આપણે ત્યાં વૈશાખ માસની વદ અમાવાસ્યાનો દિવસ શનિદેવના જન્મોત્સવ તરીકે ઉજવાય છે.શનિ મહારાજ કળિયુગના અધિપતિ દેવ છે.શનિદેવનું નામ પડતા જ લોકો ગભરાઈ જાય છે અને સાડા સાતી કે પનોતીથી પણ લોકો ભયભીત થઈ જાય છે,પરંતુ વાસ્તવમાં શનિદેવ દયાળુ દેવ છે.શનિ એ સૂર્યપુત્ર છે.શનિ મહારાજની ઉપાસના કરી તેમની શરણાગતિ સ્વીકારનારને અનેક ફાયદાઓ થાય છે.કોઈપણ વ્યક્તિ પોતાની ફરજ તથા કાર્યો નિષ્ઠા તથા પ્રામાણિકતાપૂર્વક બજાવે તેના સઘળા મનોરથ શનિદેવ પૂર્ણ કરે છે તથા અનંત સુખ અને ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે.શનિ મહારાજની કૃપા મેળવવા ભક્તોએ વિધિ વિધાનપૂર્વક અનુષ્ઠાન, મંત્રજાપ તથા સેવા પૂજા કરવી જોઈએ.

### આરટીઓનો નવો નિયમ : ગેરરીતિ અટકાવવા પગલું

# વાહન રજીસ્ટ્રેશન માટે હવે આધાર લિંકડ મોબાઈલ નંબર ફરજીયાત

ગાંધીનગર,તા.૨૭

વાહનોના રજીસ્ટ્રેશનમાં એજન્ટો દ્વારા ગોટાળાના કિસ્સા પકડાવાનો પગલે આરટીઓ દ્વારા હવે વાહન માલિકનાં આધાર લીંકકડ મોબાઈલ નંબર ફરજીયાત બનાવતો આદેશ જારી કરવામાં આવ્યો હતો.

અમદાવાદમાં એક એજન્ટે ટુ-વ્હીલરથી માંડીને કાર સુધીનાં ૫૦ જેટલા વાહનોના રજીસ્ટ્રેશનમાં પોતાના જ મોબાઈલ નંબર રજીસ્ટર્ડ કરાવ્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો.

જે અત્યાર સુધી કોઈપણ વ્યકિત કે વચેટીયા પોતાનો મોબાઈલ નંબર નાખીને રજીસ્ટ્રેશન પ્રક્રિયા કરી લેતા હતા. વાહન વિમા ટ્રાન્સકસ્થ



ટ્રાફીક ચલણ વગેરેમાં પણ આજ નંબર ઉપસતો હતો.

ત્યારે કોઈ કાનુની વિવાદ કે અન્ય કિસ્સાઓમાં મુશ્કેલી સર્જાવાની ભીતિ રહેતી હતી. કોઈપણ કટોકટી વખતે પણ વાહન માલિકોની ભાળ મેળવવામાં તકલીફ થતી હતી.

આવા અનેકવિધ કારણોને ધ્યાનમાં રાખીને આરટીઓ દ્વારા વાહનના રજીસ્ટ્રેશન કે રી-રજીસ્ટ્રેશન વખતે વાહન માલિકનાં આધાર લીંકડ મોબાઈલ નંબર બનાવવાનું ફરજીયાત કર્યુ છે.આરટીઓનાં એક સિનિયર અધિકારીએ કહ્યું કે, અત્યાર સુધી રજીસ્ટ્રેશન ફોર્મમાં દર્શાવાતો મોબાઈલ નંબર જ વાનહ માલિકનો ગણી લેવામાં આવતો હતો અને તેના અનેક ગેરફાયદા પણ હતા હવે નવા નિયમ હેઠળ વાહન રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં આધાર લીંકડ મોબાઈલ નંબર ફરજીયાત કરવામાં આવ્યો છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઈ શકો છો, તેથી કોઈપણ કાર્ય વિચાર્યા પછી જ હાથમાં લેશો.

**વૃષભ:** આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આળસથી દિવસની શરૂઆત થશે. ઘરના પૂરા નહીં થયેલા કાર્યોથી અસ્વસ્થતા અનુભવી શકો છો. આવકના સ્ત્રોતમાં વધારો થશે.

**મિથુન:** આજનો દિવસ લાભકારક રહેશે. પ્રકૃતિ ચંચળ હશે. લોકોને તમારી હાજરીમાં હળવાશનો અનુભવ થશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં, છતાં નાણાકીય લાભ ક્યાંકથી અચાનક બનશે.

**કર્ક:** આજનો દિવસ તમારા માટે ખૂબ ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.

**સિંહ:** આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો. જો તમે ધૈર્ય ગુમાવશો તો તમારા પરિવારના સભ્યો સાથે બિનજરૂરી દલીલો થવાની સંભાવના છે. આર્થિક સ્થિતિમાં ઘટાડો થઈ શકે છે.

**કન્યા:** આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં. કાર્ય વ્યવસાયથી લાભની પૂરેપૂરી સંભાવના છે

**તુલા:** આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઇચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે. ઘરના કોઈને આપેલ વચન પૂરા કરવામાં વિલંબ થશે

**વૃશ્ચિક:** નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં સંયમ નહીં રાખો તો ખરાબ સ્વાસ્થ્ય તરફ દોરાઈ શકો છો.

**ધન:** આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. મનમાં ખોટ થવાના ડરને કારણે તમે કાર્યમાં ઉત્સાહ લાવી શકશો નહીં. જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઇ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે.

**મકર:** આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે. કુટુંબને તમારા વર્તનનો ઘમંડ ગમશે નહીં, વડીલોથી બચજો.

**કુંભ:** આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે. વ્યવસાયમાં બધા બિનજરૂરી કામ સરળતાથી થઈ જશે.

**મીન:** આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે. પરિવારના સભ્યો પણ કોઈક કારણસર ગુસ્સે થશે.

## ફિલ્મી ગપશપ

### કેસરી વીર : અદ્ભુત બહાદુરીની મહાન ગાથા પરથી બનેલી 'કેસરી વીર' ખુબ જ નબળી ફિલ્મ!

ગુજરાતનાં સૌરાષ્ટ્રનું પ્રથમ જ્યોતિર્લિંગ મંદિર સોમનાથ પોતાની અઢળક સંપત્તિને કારણે સદીઓથી વિદેશી આક્રમણકારોના નિશાના પર રહ્યું છે. ભક્તો દ્વારા ત્યાં ચઢાવવામાં આવેલા અપાર ખજાનાને કબજે કરવા માટે વિદેશીઓએ ૧૭ વખત સોમનાથ મંદિર પર આક્રમણ કર્યુ છે.

પરંતુ દરેક વખતે ભારતમાતાના કોઈને કોઈ સપૂતે પોતાની બહાદુરીનું પ્રદર્શન કર્યું અને તેમનો દ્રઢતાથી સામનો કર્યો છે. ચૌદમી સદીમાં સોમનાથના મંદિર પર ધસી આવેલા નિર્દયી આક્રમણકારી ઝફર ખાન (વિવેક ઓબેરોય)ને પડકારનાર હમીર જી. ગોહિલ (સૂરજ પંચોલી) અને તેમને સાથ આપનાર ભીલ સરદાર વેગડાજી (સુનીલ શેટ્ટી)ની બહાદુરીની કથા કેસરી વીર ફિલ્મમાં છે

ગુજરાતમાં તેમની બહાદુરી માટે તેમની પૂજા કરવામાં આવે છે. કહેવાય છે કે માથું કપાયા બાદ પણ તેનું ધડ દુશ્મનો સામે લડવાનું ચાલું રાખ્યું હતું. હમીરજી ગુજરાતના એક નાનકડા રજવાડાના રાજકુમાર હતા. એક દિવસ હમીરજીની મુલાકાત રાજલ (આકાંક્ષા શર્મા) સાથે થાય છે. તે રાજલના કબીલાની છોકરીઓનો જીવ બચાવે છે.

વેગડાજીની પુત્રી રાજલે એક્રાઉન્ટરમાં ઘાયલ થયેલા હમીરજીનો જીવ બચાવ્યો હતો. અને તે બંને એકબીજાના પ્રેમ પડી જાય છે. આ દરમિયાન જ્યારે હમીરજીને ઝફર ખાનના સોમનાથ પર હુમલો કરવાના સમાચાર મળે છે.

ત્યારે તેઓ પોતાના આરાધ્ય દેવને બચાવવાના સોગંદ ખાય છે. તે પોતાના મુઠ્ઠીભર યોદ્ધાઓ સાથે ઝફરનો સામનો કરવા નીકળી પડે છે. તેને તેના સસરા વેગડાજીનો ટેકો મળે છે, જે ઝફરને પડકારવા માટે તેના સાથીઓ સાથે તેની સાથે રહે છે.

શું હમીર જી અને વેગડાજી ઝફરને તેમના પસંદ કરેલા નાયકો સાથે રોકવામાં સફળ થાય છે? આ જાણવા માટે તમારે સિનેમાઘરમાં જવું પડશે. ફિલ્મનાં દિગ્દર્શક પ્રિન્સ ધીમાને હમીરજી અને વેગડાજીની મહાન વીરતા પર ફિલ્મ બનાવવાનો પ્રયાસ કર્યો છે. આવી વાર્તાઓ વર્તમાન પેઢીને કહેવાની જરૂર છે.પરંતુ અફસોસની વાત એ છે કે, ફિલ્મની સ્ટોરી અને સ્ક્રીનપ્લેની નબળાઈને કારણે તેમણે આ સ્ટોરીને ખૂબ જ નબળા અંદાજમાં દર્શકો સામે પીરસી છે. ફિલ્મની શરૂઆત ખૂબ જ ધીમી છે. એ પછી વાર્તા ખૂબ ધીમી ગતિએ આગળ વધે છે. ઈન્ટરવલ બાદ કેટલાક રોમાંચક દ્રશ્યો દર્શકોને ચોક્કસ પણે લલચાવે છે.પરંતુ ફિલ્મનો ક્લાઈમેક્સ એટલો મજબૂત નથી. સાથે જ હમીરજીના લીડ રોલમાં સૂરજ ખૂબ જ નબળો ખેલાડી સાબિત થયો છે. તેણે પોતાની એક્ટિંગ પર કામ કરવાની જરૂર છે. સુનીલ શેટ્ટીએ ચોક્કસ પણે પોતાની ભૂમિકા મજબૂત રીતે ભજવી છે. સાથે જ વિવેક ઓબેરોય પણ મજબૂત છે. ફિલ્મની બાકીની કાસ્ટે પણ સરસ કામ કર્યું છે.પીરિયડ ફિલ્મ હોવાનાં કારણે ફિલ્મની પ્રોડક્શન ક્વોલિટી પર ઘણી મહેનતની જરૂર હતી, પરંતુ પ્રિન્સ ધીમાન આ મામલે ચૂકી ગયા. ફિલ્મની નબળી પ્રોડક્શન ક્વોલિટીનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ઘણા સીનમાં લડાઈમાં જે તલવારનો ઉપયોગ કરવામાં આવે છે તે સ્પષ્ટ રીતે લાકડાની બનેલી દેખાય આવે છે.

## વડાપ્રધાનની વિદાય સાથે જ ગુજરાતમાં હવે પેટા ચુંટણીનો માહોલ બનવા લાગશે

# વિસાવદર વિધાનસભા બેઠકમાં ત્રિપાંખીયો જંગ : ત્રણેય પક્ષો પાટીદાર ફેક્ટર પર જ આધારિત

**આગામી સોમવારના ઉમેદવારી ભરવાની અંતિમ તારીખ પહેલા ચિત્ર સ્પષ્ટ થશે : ભાજપ ભુપેન્દ્ર ભાયાણીને ફરી ટિકીટ આપે છે કે હર્ષદ રીબડીયાનો દાવો મંજુર રાખે છે તેના પર નજર**

**કોંગ્રેસ માટે પેરેશુટ ઉમેદવાર શક્યઃ ફરી એક વખત ધાનાણીનું નામ ચર્ચામાં પણ વિસાવદરમાં લોકલની માંગઃ આમ આદમી પાર્ટી માટે અગાઉથી જ ગોપાલ ઈટાલીયાએ ધુણી ધખાવી દીધી છે**

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૭

ગુજરાતમાં લાંબા સમયથી ઠંડા પડેલા રાજકીય માહોલમાં હવે પેટાચુંટણીની ગરમી શરૂ થઈ છે. એક તરફ ભાજપ અને કોંગ્રેસ બન્ને સંગઠનની પુનઃરચનામાં વ્યસ્ત છે પણ બન્ને કયાંકને કયાંક અટવાયેલા છે તે વચ્ચે સૌરાષ્ટ્રની વિસાવદર અને મહેસાણાની કડી વિધાનસભા બેઠકોની પેટાચુંટણી જાહેર થતા અને હાલ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થતા જ હવે આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ગુજરાત યાત્રા પુરી થતા ભાજપ પેટાચુંટણીના મોડમાં આવે તેવા સંકેત છે.

જો કે ભાજપે હજુ જીલ્લા તથા મહાનગર સ્તરના સંગઠન માળખા અને પ્રદેશ પ્રમુખ સહિતના પ્રદેશથી લઈને રાષ્ટ્રીય સંગઠનમાં પણ ફેરફાર કરવાના છે અને તે પણ વિલંબથી આગળ વધી રહ્યા છે તો કોંગ્રેસ જે રાહુલ ગાંધીની ફોર્મ્યુલા મુજબ હવે જીલ્લા પ્રમુખોને શક્તિશાળી બનાવવાના છે તેમાં કયાં કેટલી પ્રગતિ થઈ તે પણ પ્રશ્ન છે પણ હવે પેટાચૂંટણી પ્રક્રિયા સમાંતર ચાલતી જ રહેશે કે ફરી એક વખત પેટાચુંટણી સંગઠન પર ધ્યાન અપાશે તેના પર સૌની નજર છે.

ત્રિપાંખીયો જંગ!

જયાં સુધી વિસાવદર ધારાસભા બેઠકનો પ્રશ્ન છે તો




**જયારે ૨૦૧૭માં રીબડીયાએ ભાજપના કિરીટ પટેલને ૨૩ હજારથી વધુ મત હરાવ્યા હતા. આ બેઠક પર કેશુભાઈ પટેલ જીતેલા પણ છે અને તેના પુત્ર ભરત પટેલ હારેલા પણ છે. આમ વિસાવદરની બેઠક રસપ્રદ રાજકીય ઈતિહાસ ધરાવે છે.**

ત્રિપાંખીયો જંગ નિશ્ચિત છે. અહી આમ આદમી પાર્ટીએ તેના ઉમેદવાર તરીકે બિનસતાવાર રીતે પણ ગોપાલ ઈટાલીયાને જાહેર કરી દીધા છે અને તેઓ લાંબા સમયથી વિસાવદરમાં પડાવ નાખીને બેઠા છે તો કોંગ્રેસ પક્ષ હવે નામ જાહેર કરશે. ભાજપ પણ હવે આ પેટાચૂંટણી કોને લડાવે છે તેના પર નજર છે.

વિસાવદર બેઠક પેટાચૂંટણી નેશનલ લેવલે પણ રસપ્રદ રીતે જોવાઈ રહ્યા છે. આ બેઠક પર ત્રિકોણીયા જંગમાં પાટીદાર ફેકટર જ મહત્વનું બની જશે. ત્રણેય પક્ષો પાટીદારોને ટિકીટ આપે તેના પર પોતાના ચુંટણી વ્યુહ ગોઠવી રહ્યા છે. ભાજપે જેતપુર-ધોરાજીના ધારાસભ્ય અને પુર્વમંત્રી જયેશ રાદડીયાને તેમાં જ અગાઉ જુનાગઢ મહાનગરપાલિકાની ચુંટણીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર રાજકોટ શહેર ભાજપના પુર્વ પ્રમુખ કમલેશ મીરાણીને જવાબદારી સોંપી છે. ભાજપ હવે 'આપ'માંથી રાજીનામુ આપનાર ભુપત ભાયાણીને ફરી ટિકીટ આપે છે કે નવો ચહેરો પસંદ કરે છે તેના પર નજર છે. બીજી તરફ અગાઉ કોંગ્રેસમાંથી રાજીનામુ આપનાર અને ભાજપમાં જોડાયેલ હર્ષદ રીબડીયાએ પોતાનો દાવો કરી દીધો છે. આમ ભાજપ માટે ટિકીટ વહેંચણી એ મહત્વની બની જશે. તા.૨ના રોજ ઉમેદવારીપત્રકની અંતિમ તારીખ હોવાથી તે પુર્વે ભાજપના પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકમાં નામની પસંદગી કરાશે.

બીજી તરફ કોંગ્રેસ ફરી એક વખત લોકલ પાટીદારને ટિકીટ આપે છે કે પેરેશુટ ઉમેદવારને શોધે છે તેના પર નજર છે. ફરી એક વખત પરેશ ધાનાણીનું નામ ચર્ચામાં છે. જેણે રાજકોટની લોકસભા બેઠક સમયે પણ આખરી ઘડીએ પરસોતમ રૂપાલા સામે ઝંપલાવ્યું હતું પણ ખરાબ રીતે હાર્યા હતા. કોંગ્રેસે તેના નિરીક્ષકોની નિયુક્તિ કરી છે તેમાં વિસાવદર માટે પરેશ ધાનાણી, ઈન્દ્રનીલ રાજયગુરુને જવાબદારી સોંપી છે.

વિસાવદરમાં ભાજપે અગાઉ પરાજય પછી ચુંટાયેલા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યોને ખેડવીને આ બેઠક કબ્જે કરવા પ્રયત્ન કર્યો હતો. કુલ ૩ લાખથી વધુ મતદારોમાં ગ્રામીણ કક્ષાએ વાવણીની સીઝન હોવાથી મતદાર પર અસર પડી શકે છે. ગત ચુંટણીમાં ટકરાયેલા ભુપેન્દ્ર ભાયાણી અને હર્ષદ રીબડીયા વચ્ચેનું અંતર ૭ હજાર મતોનું જ હતું.

જયારે ૨૦૧૭માં રીબડીયાએ ભાજપના કિરીટ પટેલને ૨૩ હજારથી વધુ મત હરાવ્યા હતા. આ બેઠક પર કેશુભાઈ પટેલ જીતેલા પણ છે અને તેના પુત્ર ભરત પટેલ હારેલા પણ છે. આમ વિસાવદરની બેઠક રસપ્રદ રાજકીય ઈતિહાસ ધરાવે છે.

---

<u>દેશના કેમિકલ ઉત્પાદનનો ૪૧% હિસ્સો એકલા ગુજરાતનો : કેમિકલ એન્જિનિયરીંગના ક્ષેત્રમાં વિપુલ તકો</u>

# વીવીપીના કેમિકલ એન્જીનિયર્સ દુનિયાના ખૂણે ખૂણે આપી રહ્યા છે સેવા : ગુજરાત કેમિકલ ઇન્ડસ્ટ્રીઝનું હબ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૭

કેમિકલ એન્જીનિયરીંગનો આભ્યાસ પૂર્ણ કરી હોસ્ટેલના બે મિત્રો એ ૪૫ વર્ષ અગાઉ માત્ર રૂપિયા ૮,૦૦૦ થી પોતાની નાની મેન્યુફેક્ચરિંગ કંપનીની શરૂઆત કરી. આ બે મિત્રો એટલે આજે રૂપિયા ૧૦,૦૦૦ કરોડ કરતાં પણ વધારે વેલ્યુએશન ધરાવતી એપીગલ લિમિટેડ અને મેવમણી ઓર્ગેનિક્સ લિમિટેડ કંપનીઓના મેનેજીંગ ડિરેક્ટર આશિષ સોપારકર અને ચેરમેન જયંતિભાઈ પટેલ.



ભારતની કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ એશિયામાં ત્રીજો અને વિશ્વમાં છઠ્ઠો ક્રમ ધરાવે છે. ભારતમાં કેમિકલને લગતી ૮૦,૦૦૦ કરતાં પણ વધારે વસ્તુઓ બને છે. ગુજરાત ખરા અર્થમાં ભારતની કેમિકલ ઈન્ડસ્ટ્રીઝનું હબ છે. કેમ કે ભારતના કુલ કેમિકલ ઉત્પાદનમાં ૪૧% હિસ્સો એકલા ગુજરાતનો છે તેમજ ભારતની કેમિકલ અને પેટ્રો કેમિકલની કુલ નિકાસના ૩૫% એકલા ગુજરાતમાંથી થાય છે.

વી.વી.પી એન્જીનિયરીંગ કોલેજ તથા એમ.એસ. યુનિવર્સિટીના ગોલ્ડ મેડાલીસ્ટ તેમ જ વી.વી.પી.ની પ્રથમ બેચના ઍલ્યુમની એવા ડો.પિયુષભાઈ વણઝારા કેમિકલ એન્જીનિયરીંગના પ્રોફેસર તરીકે છેલ્લા ૨૪ વર્ષથી તથા વી.વી.પી. એન્જીનિયરીંગ કોલેજના પ્રિન્સીપાલ તરીકે હાલમાં કાર્યરત છે. વીવીપીના પાસ-આઉટ કેમિકલ એન્જીનિયર્સ દેશની નામાંકિત ઈન્ડસ્ટ્રીઝ તેમજ વિદેશની નામાંકિત ઈન્ડસ્ટ્રીઝમાં દુનિયાનાં ખૂણે ખૂણે સેવા આપી રહ્યા છે.

કેમિકલ એન્જીનિયરીંગના સિદ્ધાંતો તો માનવશરીરના શ્વાસોચ્છશ્વાસ સાથે પણ સંકળાયેલા છે. ભારતમાં કેમીકલ ઈન્ડસ્ટ્રીઝના ક્ષેત્રમાં આવનારા દાયકાઓ સુધી વિકાસની ઉજ્જ્વળ તકો રહેલી છે. જે ભારતને વિશ્વની ઉભરતી મહાસત્તા તરીકે પ્રસ્થાપિત કરવામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપશે જે નિર્વિવાદ છે.

---

<u>UPI માં હવે ઓટો પેમેન્ટ કમાન્ડ નોન-પીક કે રાત્રીના સમયે જ એકટીવ થશે</u>

# બેલેન્સ ચેકીંગ પર પણ લગામ! દેશમાં લોકપ્રિય થઈ રહેલી પેમેન્ટ સિસ્ટમ પરનો બોજો ઘટાડવા પ્રયાસ

નવી દિલ્હીઃ દેશમાં યુનીફાઈડ પેમેન્ટ સિસ્ટમ એ અત્યંત લોકપ્રિય બની ગઈ છે અને તેનો ઉપયોગ પણ વધી રહ્યો છે પણ હવે નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા જે આ સમગ્ર સીસ્ટમનું સંચાલન કરે છે. હવે બેક્રીંગની જેમ આ સેવા પર પણ કેટલીક લગામ લગાવવાનું શરૂ કર્યુ છે.

જે તા.૧ ઓગષ્ટથી અમલી બનશે. ખાસ કરીને યુપીઆઈમાં ૧૦ જેટલી સેવાઓનો સૌથી વધુ ઉપયોગ થાય છે તેનો ઉપયોગ મર્યાદીત થાય તે નિશ્ચિત કરશે. ખાસ કરીને ઓટો પેમેન્ટ સીસ્ટમનો જે કમાન્ડ છે તેના પર સૌથી મોટો નિર્ણય લેવાયો છે.

વિવિધ પ્રકારની સેવાઓ, બિલીંગ, પેમેન્ટ, સબક્રીપ્શન વિ. જે દર માસ કે ચોકકસ સમયે તે આપોઆપ પેમેન્ટ થઈ જાય તેના કારણે વ્યસ્ત સમયમાં પણ યુપીઆઈ ટ્રાફીક વધી જાય છે.

તેથી હવે તમામ યુપીઆઈ પેમેન્ટ એક ખાસ કયુ-લાઈનમાં હશે અને તે નોન વીક સમયે કે રાત્રીના સમયે જયારે યુપીઆઈ પર લેવડ દેવડ ઓછી-ધીમી હોય તે સમયે આ ઓટો પેમેન્ટ સિસ્ટમ એકટીવ થશે.

ખાસ કરીને સવારે ૧૦થી૧ અને સાંજે ૫થી રાત્રીના ૯.૩૦ સુધી આ ઓટો પેમેન્ટ સિસ્ટમ કામ કરશે નહી અને તે સમયે રેગ્યુલર ટ્રાફિકને જ થવા દેવાશે.

આ ઉપરાંત બેક્ર ખાતા જે યુપીઆઈ સાથે જોડાયેલા છે તેના બેલેન્સ ચેક કરવામાં જે રીતે વ્યવહારો થાય છે તેના બદલે હવે જે તે ટ્રાન્ઝેકશન થયા બાદ બેક્ર બેલેન્સ પણ આપોઆપ જાણ કરાશે.

---

# સંપત્તિ ફક્ત વ્યક્તિની જીવનશૈલી બદલી શકે છે. બુદ્ધિ, ઈરાદા અને ભાગ્ય નહીં



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ઈન્દ્રિયોના લાડ ઘણા કર્યા, પણ મનને શાંતિ નથી.સમય જાય એટલે ખબર પડે છેકે,વિષયોના આનંદમાં સારનથી ઈન્દ્રિયો માગે તે વિષયો ઈન્દ્રિયોને આપ્યા છતાં તૃપ્તિ થતી નથીઅને ઈન્દ્રિયો રોજ નવા નવા વિષયો માગે છે.જીવ રસસુખ તરફ ખેંચે છે.આંખ રૂપના સુખ તરફ ખેંચે છે.ત્વચા સ્પર્શના સુખ તરફ ખેંચે છે. જીભ કહે છે કે, બે મહિનાથી મેં ઢોકળા ખાધાં નથી. અરે આજ સુધીમાં તે કેટલી વખત ખાધાં તે યાદ કરને! ઢોકળાં ખવડાવી જીભને રાજી કરી,તો આંખો કહે,તેં બે માસથી ફિલ્મ જોઈ નથી.પૈસા ખર્ચીને અંધારા માં બેસેએ સુધર્યા કહેવાય કે બગડયા કેટલાક કહે છે,અમે તો ધાર્મિક ફિલ્મ જોઇએ છીએ. ધાર્મિક ચિત્રો પણ ન જોવાય, કારણ કે રામનો પાઠ ભજવનાર ક્યાં રામ હોય છે રામનો પાઠ ભજવનાર પરસ્ત્રીને કામ ભાવથી જોતો હોય તો તેની ફિલ્મમાં શું જોવું?રામ જેવો કોઈ રામનો પાઠ ભજવે તો અસર થાય નરસિંહ મહેતાની ફિલ્મ જોઇને જે ફિલ્મ નહોતા જોતા એવા ભક્તો ફિલ્મ જોતા થયા.પણ ફિલ્મો જોનારો કોઈ નરસિંહ મહેતો થયો હોય તો દેખાડો! તમે કહેશો કે, હું કડક બોલું છું પણ હું જે જોઉં છું તે કહું છું.વિલાસનાં ચિત્રો જોવાથી જીવન બહુ બગડે છે.શંકર સ્વામી એ એક જગ્યાએ આ ઈન્દ્રિયોને ચોર કહી છે. ઈન્દ્રિયો ચોર કરતાં પણ બૂરી છે. ચોર જેના આધારે હોય ત્યાં ચોરી કરતો નથી ચોર જેના ઘરમાં રહેતો હોય તેને ત્યાં ચોરી કરતો નથી. ત્યારે ઈન્દ્રિયો તો પોતાના પતિ આત્મા ને જ છેતરે છે.તેને ત્યાંથી ચોરી કરે છે!આથી દેવહુતિ પુત્રને કહે છે કે,આ ચોર રૂપી ઈન્દ્રિયોથી હવે મને કંટાળો આવ્યો છે. જગતમાં સાચું સુખ સાચો આનંદ ક્યાં છે તે મને બતાવો અને તે આનંદ મેળવવાનું સાધન શું છે તે બતાવો. કપિલ ભગવાનને આનંદ થયો.તે બોલ્યા મા, આનંદ એ તો આત્માનું સ્વરૂપ છે. અજ્ઞાનથી જીવ જડ વસ્તુમાં આનંદ શોધે છે. પણ આનંદ જડ વસ્તુમાં રહી શકે નહીં. સંસારના વિષયો સુખ આપે છે, પણ આનંદ આપતા નથી અને જે સુખ આપે છેતે તેમને દુઃખ પણ આપશે.પરંતુ ભગવાન તમને હંમેશાં આનંદ આપશે. આનંદ એ પરમાત્માનું સ્વરૂપ છે. સંસારનું સુખ દરાજને ખંજવાળવા જેવું છે. દરાજને ખંજવાળો ત્યારે સુખ જેવું લાગે છે,પણ . ખંજવાળથી નખના ઝેરથી દરાજ વધે છે. ઉત્તમમાં ઉત્તમ મીઠાઈ-ગળા સુધી હોય ત્યાં સુધી સ્વાદવાળી લાગે છે. જગતના પદાર્થોમાં આનંદ નથી, આનંદનો ભાસ માત્ર છે.આજગત દુઃખરૂપ છે. ગીતાજીમાં પણ કહ્યું છે કે, ક્ષણભંગુર અને સુખરહિત એવા આ જગતને અથવા મનુષ્ય શરીરને પ્રાપ્ત કરીને તું મારું જ ભજન કર.વિષયો અને ઈન્દ્રિયોને લગતું સુખ આરંભમાં અમૃત જેવું લાગે છે, પણ અંતે તે વિષમય પુરવાર થાય છે.

ઈન્દ્રિયોથી સુખની તૃપ્તિ થતી નથી ઈન્દ્રિયો વિવેકરૂપી ધનનું હરણ કર્યા પછી જીવને સંસાર રૂપી ખાડામાં નાંખે છે.બહારના વિષયોમાં આનંદ નથી,સુખ નથી.ખરો આનંદ બહાર નથી, અંદર જ છે આત્મામાં છે.આનંદ એ અવિનાશી અંતર્યામીનું સ્વરૂપ છે.એની એક નક્કર સાબિતીએકે જો શરીરમાં આનંદ હોયતો તેમાંથી પ્રાણ નીકળી ગયા પછી લોકો તેને સાચવી રાખતા કેમ નથી?જડ પદાર્થમાં આનંદનો ભાસ થાય છે તે ચૈતન્ય સ્પર્શથી થાય છે. બે શરીરના સ્પર્શથી સુખ મળતું નથી. પણ પ્રાણ એક થાય છે એટલે આનંદ જેવું લાગે છે. પ્રાણ ભેગા થાય તો સુખ થાય છે, ત્યારે અનેક પ્રાણો જેમાં મળ્યા છેતેપરમાત્માને મળવાથી કેટલો આનંદ થાય! બહારના વિષયોમાં આનંદ નથી, પરંતુ ચિત્તમાં-મનમાં આત્માનું પ્રતિબિંબ પડે છે તેથી આનંદ જેવું લાગે છે.ઈન્દ્રિયોને મનગમતોપદાર્થ મળે એટલે ઈન્દ્રિયો વિષયમાં તદ્રુપ થાય છે, એટલે મન થોડીવાર એકાગ્ર થાય પરિણામે ચિત્તમાં આત્માનું પ્રતિબિંબ પડે છે તેથી આનંદનો ભાસ થાય છે.આનંદએ આત્માનું સહજ સ્વરૂપ છે.શીતળતાએ જળનું સહજ સ્વરૂપ થાય છે.તેમ મા, આત્મા તો નિત્ય શુદ્ધ છે. આનંદ સ્વરૂપછે. સુખદુ:ખ એ મનના ધર્મો છે.મન નિર્વિષય એટલે આનંદમળે છે. દૃશ્યમાંથી દૃષ્ટિને હટાવી દૃષ્ટા માં દૃષ્ટિને સ્થિર કરે તો આનંદ મળે.

મા, જો વિષયોમાં આનંદ હોય તો સર્વને સર્વકાળે એકસરખો આનંદ આપે. તૃપ્ત થયેલા માણસ પાસે શિખંડ મૂકો તો તેને નહીં ભાવે. માંદા માણસ પાસે માલપૂડા મૂકો તો તેને નહીં ભાવે. એટલે આનંદ શિખંડ,માલપૂડા એટલેકે વિષયો માં નથી,જડ પદાર્થોમાં નથી. શિખંડમાં આનંદ હોય તો જેને તાવ આવ્યો હોય તેને પણ શિખંડ ખાવાથી આનંદ મળવો જોઈએ, પણ તેને આનંદ મળતો નથી.એટલે શિખંડ માં આનંદ નથી, તે પ્રમાણે બધા વિષયોનું સમજવાનું છે.સંસારના પદાર્થોમાં આનંદનથી,પણ ઈન્દ્રિયોને મન ગમતા વિષય મળે એટલે ઈન્દ્રિય બહારથી અંતર્મુખ થાય છે અંતર્મુખ થયેલા મનમાં ઈશ્વરનું પ્રતિબિંબ પડે છેએટલે આનંદથાય છે.મન અંદર આવેછે એટલેઆનંદ મળે છેતે મન બહાર જાય છે એટલે આનંદ ઊડી જાય છે. કલ્પના કરોકે,શેઠ શિખંડ-પૂરી જમવા બેઠા છે.ત્યાં મુંબઈની પેઢી માંથી તાર આવે છે કે,પેઢી ડૂબી ગઈ છે.એ જ શિખંડ તરત ઝેર જેવો બની જાય છે.એ શિખંડ હવે મોંમાં જતો નથી.

મા,સંસારના જડ પદાર્થમાં આનંદ નથી.આનંદ જ્યારે જ્યારે મળે છે ત્યારે તે ચેતન પરમાત્માના સંબંધ થી મળે છે. જીવ કપટી છે. પરમાત્મા ભોળા છે જીવ ઉપક્ષા કરે છે તો પણ તેના અપરાધની પરમાત્મા ક્ષમા કરે છે.આનંદએ બ્રહ્મસ્વરૂપ છે. જીવાત્મા પણ આનંદરૂપ છે. જીવ અજ્ઞાનથી આનંદને બહાર શોધવા જાય છે. બહારનો આનંદ વધારે ટકતો નથી સુખ દુઃખએ મનના ધર્મ છે. જન્મ મરણ એ શરીરના ધર્મ છે.ભૂખ અને તરસ એ પ્રાણનો ધર્મ છે. સુખદુઃખ મનને થાય એટલે આત્મા કલ્પે છે કે, મને દુઃખ થાય છે.મનને થયેલા સુખદુઃખના આરોપ અજ્ઞાન થી આત્મા પોતાનામાં કરે છે. આત્મા તો સ્ફટિક જેવો શુદ્ધ નિર્મળ છે.તેમાં વિષયોનું પ્રતિબિંબ પડવાથી મન ને લીધે આત્મા માને છે કે,મનેદુઃખ થયું.સ્ફટિક મણિ પાછળ જેવા રંગનું ફૂલ રાખશો તો તેનો તેવો રંગ દેખાશે,પણ તે રંગ સ્ફટિક મણિનો નથીપણ ફૂલનો છે

જળમાં ચંદ્રમાનું પ્રતિબિંબ પડે છે, ત્યારે જળના હલનચલનને કારણે તે પ્રતિબિંબ હાલતું ચાલતું દેખાય છે અથવા કંપિત દેખાય છે પણ ચંદ્રમાને તે પ્રમાણે થતું નથી. તેમ દેહાદિના ધર્મો પોતાનામાં નહીં હોવા છતાં જીવાત્મા તે પોતાનામાં કલ્પી લે છે.બાકી જીવાત્મા નિર્લેપ છે. જીવાત્મામાં જણાતા દેહાદિના ધર્મો નિષ્કામ ભાગવત ધર્મનું અનુસરણ કરવાથી,ભગવાનની કૃપાથી અને તે દ્વારા થયેલા ભગવાન પરના ભક્તિયોગ થી ધીમે ધીમે દૂર થાય છે.જે ભક્તિ નિષ્ઠ થાય છે, તે સમસ્ત લોકમાં પરમાત્માને વ્યાપેલો જુએ છે.

સંસારના વિષયોમાંથી સર્વ પ્રકારે હટી ગયેલું મન ઈશ્વરમાં લીન થાય છે.મન નિર્વિષ્ય બને છે ત્યારે આનંદરૂપ થાય છે. જીવ જેવો કોઈ લુચ્ચો નથી અને ઈશ્વર જેવો કોઈ ભોળો નથી. બીજાને માટે કરવું પડે છે તો ત્રાસ થાય છે, પણ પોતાનાં સગાં માટે કરવું પડે તો આનંદ થાય છે. રાત્રે અગિયાર વાગ્યે કોઈ મહારાજ બહારગામ થી આવશે તો મન કહેશે કે,આ લપ ક્યાંથી આવી? પણ જો રાત્રે બાર વાગ્યે પિયરથી કોઈ ભાઈ આવેને કહેકે,નાસ્તો કરીને આવ્યો છું.ભૂખ નથી.તો પણ તેને શીરો- પૂરી કરી જમાડશે.આ બધો મનનો ખેલ છે.મન બહુ લુચ્ચું છે.મારું અને તારું એ મનના ઊભા કરેલા ખેલ છે. ખરેખર મન એ જ બંધન અને મોક્ષના કારણરૂપ છે. મા,જીવનાં બંધન અને મોક્ષનું કારણ મનને જ માનવામાં આવ્યું છે.મન જો વિષયોમાં આસકત થાય તોતે બંધનનું કારણ બને છે અને એ જ મન જો પરમાત્મામાં આસક્ત થઈ જાય તો તે મોક્ષનું કારણ બની જાય છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે રાજય કાળઝાળ ગરમી બફારો તો કેટલાક વિસ્તારોમાં મેઘરાજા તોફાની બેટિંગ ખેલે તેવી આગાહી વચ્ચે મુંબઈ દિલ્હીમાં વૈશાખ મહિનાના અંતિમ દિવસો માં મેઘરાજા ધબડાટી બોલાવી રહયા છે ત્યારે આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## હજુ સુધી એ સ્પષ્ટ થયું નથી કે આ વીડિયો ક્યારનો છે અને મારામારીનું ચોક્કસ કારણ શું હતું

# પાલનપુરમાં જાહેરમાં નવા બસપોર્ટ પાસે યુવકોની મારામારીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ, પોલીસે તપાસ શરૂ કરી

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૭

પાલનપુર શહેરમાં નવા બસપોર્ટ વિસ્તારમાં રાત્રિના સમયે થયેલી મારામારીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વીડિયોમાં દેખાય છે કે કેટલાક યુવકો જાહેરમાં છુટ્ટા હાથે એકબીજા સાથે મારામારી કરી રહ્યા છે.





આ ઘટનાની જાણ થતાં પાલનપુર પશ્ચિમ પોલીસે તપાસ શરૂ કરી છે. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ થયું નથી કે આ વીડિયો ક્યારનો છે અને મારામારીનું ચોક્કસ કારણ શું હતું. પોલીસ વીડિયોમાં દેખાતા લોકોની ઓળખ કરવાની કામગીરી કરી રહી છે.પોલીસે જણાવ્યું છે કે આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ અંગે પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ મથકનાઁ.. પી.આર મારુંએ જણાવ્યું હતું કે, પાલનપુરમા મારામારીનો વીડિઓ વાયરલ થયો છે પરંતુ એ બાબતે પોલીસ મથકે અરજી કે મેડિકલ કઇ આવેલ નથી. પોલીસ અને સર્વેલન સ્ટાફ જિલ્લા પોલીસ વડાની સૂચના મુજબ આજુબાજુના ઝઝ્ફ જોવે છે. આજુબાજુના લોકોની પૂછપરછ કરી રહી છે જો કોઈ એવુ અસામાજિક કૃત્ય થયેલું હશે તેમની સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશેય

## સંક્ષિપ્ત સમાચાર

### ઇડરના બડોલીના શનિધામ ખાતે ઉજવાયો શનિદેવ જન્મોત્સવ



(ગરવી તાકાત) ઈડર તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના બડોલી ગામે આવેલ શનિ મહારાજધામ ખાતે ૨૭ મે, ૨૦૨૫ના રોજ શનિદેવનો નવમો જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. આ પવિત્ર અવસરે ભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા અને સમગ્ર ધામ ભક્તિભાવથી ગૂંજી ઉઠ્યું હતું.

ઉલ્લેખનીય છે કે શનિદેવના જન્મોત્સવ નિમિતે સવારે ૯:૧૫ વાગ્યે યજ્ઞ આરંભ કરાયો હતો. પુજારી જીતેન્દ્રભાઈના માર્ગદર્શન હેઠળ યજ્ઞ ના આચાર્ય દ્વારા શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે યજ્ઞ સંપન્ન થયો હતો. સાંજે ૪:૧૫ વાગ્યે યજ્ઞની પૂર્ણાહુતિ આપવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ હાજરી આપી હતી.

આ પ્રસંગે મોડાસાના શ્રીરામ સુંદરકાંડ પરિવાર દ્વારા હનુમાનદાદાનો સુંદરકાંડ પાઠ વક્તા હરેશભાઈ ગોળની સુમધુર વાણીમાં કરાયો હતો. સાંજે ૫:૧૫ વાગ્યે શરૂ થયેલો આ પાઠ માં હનુમાન ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પાઠ બાદ તમામ ભક્તોને મહાપ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો. સમગ્ર આયોજન શનિ મહારાજધામ શનિદેવ ચેરીટેબલ ટ્રસ્ટ બડોલી તથા ભાવિક ભક્તજનોના સહયોગથી સફળતાપૂર્વક યોજાયો હતો.

શનિદેવના આ નવમા જન્મોત્સવ પ્રસંગે ધર્મ, ભાવના અને ભક્તિનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો.

### ટેક્સપેયરો દ્વારા યોગ્ય અને સાચી માહિતી સાથે રિટર્ન ભરાઈ શકે એ હેતુથી આ સમયમાં છૂટ આપવામાં આવી છે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

છેલ્લાએ કેટલાય દિવસોથી ભારત વર્ષના સમગ્ર વકીલ આલમ એક ચિંતા ભરી અવસ્થામાં દિવસો પસાર કરતા હતા એનું મુખ્ય કારણ એ હતું કે ઈક્મટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી ફોર્મ જાહેર થઈ ગયા હતા પરંતુ તેની યુટિલિટી મોડી તૈયાર થયેલ અને જ્યાં સુધી આ યુટીલીટી તૈયાર ન થાય ત્યાં સુધી કરદાતાના ઈક્મટેક્સ રિટર્ન ફાઈલ કરી શકાતા નહોતા, પરંતુ 'અભિવકતા ઉત્કર્ષ મંડળ'ના પ્રમુખે આપેલી માહિતી પ્રમાણે અત્યારે જ મળેલ સત્તાવાર માહિતી પ્રમાણે કેન્દ્રિય સીબીડીટી વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ એટલે કે આકારણી વર્ષ ૨૦૨૫-૫૬ માટેના ઈક્મટેક્સ રિટર્ન ફાઈલ કરવાની નિર્ધારિત છેલ્લી તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૫ હતી જે હવે વિસ્તારીને ઈક્મટેક્સ રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫ કરવામાં આવી છે. આવું કરવાનું મુખ્ય કારણ ITR ફોર્મની યુટીલીટીસ તૈયાર કરવામાં મોડું થયું હતું તેમજ ફોર્મ નંબર ૧૬ અને ફોન નંબર ૧૬છ જેવી ટીડીએસ પ્રમાણપત્રો અને ૨૬છજી તેમજ Annual Information Statemen સામાન્ય રીતે ૧૫ જૂન સુધીનો આપવામાં આવતા હોય છે જેથી ૧૫ જૂન પહેલા ઈક્મટેક્સ રિટર્ન ફાઈલ કરવા સલાહ ભરેલ નથી આમ કરવાથી કેટલીય ભૂલો થવાની શક્યતા વધી જતી હોય છે અને આગળ જતાં બિનજરૂરી નોટિસ અને કાનૂની કાર્યવાહીમાં અટવાઈ જવાની શક્યતા નકારી શકાતી નથી. ટેકસપેયરો દ્વારા યોગ્ય અને સાચી માહિતી સાથે રિટર્ન ભરાઈ શકે એ હેતુથી આ સમયમાં છૂટ આપવામાં આવી છે. આ સંદર્ભે આવકવેરા વિભાગે લોકોને આગ્રહપૂર્વક અપીલ કરી છે કે તેઓ તમામ જરૂરી દસ્તાવેજો મેળવ્યા બાદ જ તેમનો રિટર્ન ફાઈલ કરે જેથી ભૂલભર્યું રિટર્ન ન ભરાય અને આગામી સમયમાં કોઈ વિવાદ ઊભો ન થાય. સૌ કોઈને વિનંતી છે કે તેઓ સમયસર અને યોગ્ય માહિતી સાથે આવકવેરા રિટર્ન ફાઈલ કરી દે જેથી કાયદેસર ફરજ અદા થાય અને દેશના વિકાસમાં પોતાનો યોગદાન આપી શકે.

### મોરબી ટંકારા નજીક ખજૂરા હોટલ પાસે આંગડિયા પેટીના ૧ કરોડની લૂંટ, પોલીસે ૨ આરોપી ઝડપ્યા

મોરબી,તા.૨૭

મોરબી રાજકોટ હાઈવે પર ખજુરા હોટલ નજીક રૂપિયા એક કરોડની લૂંટ થઈ છે. લૂંટની જાણ થતા જ જિલ્લાની પોલીસે દોડાદોડી કરી મુકી હતી. એક કરોડની માતબાર રકમની લૂંટના કેસને ગંભીરતાથી લઈને પોલીસે સમગ્ર મોરબી જિલ્લામાં નાકાબંધી કરી નાખી હતી. ધોળા દિવસે વાહનવ્યવહારથી ધમધમતા મોરબી રાજકોટ હાઈવે પર લૂંટની ઘટના બનતા મોરબીની પોલીસ ઉપર સવાલીયા નિશાન લાગી ગયા હતા. પોલીસની કામગીરી પર સવાલો ઊભા થયા હતા. મોરબીમાં પોલીસની ધાક ઓસરી જતા ગુનેગારો બેફામ બન્યા હોવાની ચર્ચાઓ થઈ રહી હતી.



આરોપીઓ સતત કારનો પીછો કરતા અને કાર ને ટક્કર મારતા હતા. ભોગ બનનારની કારને સતત ટક્કરો મારીને ઊભી રાખવા માટે મજબૂર કર્યા હતા. ટંકારા નજીક ખજૂરા હોટલ આવતા ભોગ બનનારે કાર હોટલ તરફ વાળી લીધી હતી. ત્યાં આરોપીઓ રૂપિયા એક કરોડની રોકડની લૂંટ કરી ફરાર થયા હતા. લૂંટ કરનારા આરોપીઓ એક કાર મૂકી બીજી કારમાં ફરાર થયા હતા.

મોરબી પોલીસે કરેલ નાકાબંધીને કારણે, પોલીસને આખરે સફળતા પણ મળી હતી. બે કાર સહિત બે લૂંટારૂ પોલીસના હાથે ચડયા હતા. લૂંટારૂઓ પાસેથી લૂંટમાં ગયેલી કેટલીક રોકડ પણ પોલીસે કબજે કરી. લૂંટ કરી લૂંટારૂઓ જામનગર જિલ્લા તરફ નાસી ગયા હતા. પરંતુ નાકાબંધીને કારણે મોરબી તરફ આવતા જ પોલીસે રાઉન્ડ અપ કર્યા.

## વિસનગર સાંકળચંદ યુનિવર્સીટીના નૂતન કોલેજ ઓફ નર્સિંગ દ્વારા

# ખરવડા ગામ ખાતે કિશોરીઓને માસિક સ્ત્રાવ દરમિયાન સ્વચ્છતા અંગે જાગૃતિ આવે એ હેતુથી પેમ્ફલેટની વહેચણી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

વિસનગર સાંકળચંદ યુનિવર્સિટીના નૂતન કૉલેજ ઑફ નર્સિંગ દ્વારા નર્સિંગના વિદ્યાર્થીઓએ માસિક સ્રાવ સ્વચ્છતા દિવસના નિમિત્તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ખરવડા ખાતે કિશોરીઓને માસિક સ્રાવ દરમિયાન સ્વચ્છતા અંગે જાગૃતિ આવે એ હેતુથી ૧૦ થી ૧૮ વર્ષની કિશોરીઓને પેમફલેટની વહેચણી કરી સ્વાસ્થ્ય શિક્ષણ આપી, તારીખ ૨૭ મેં ૨૦૨૫, સવારે ૧૦ વાગ્યેના રોજ ઉજવણી કરી હતી. પેમફલેટની વહેચણી કર્યા બાદ કિશોરીઓને આયર્ન સમૃદ્ધ આહાર વિષે માહિતી આપી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,ખરવડા ખાતે મધ્યાહન ભોજન પણ આપવામાં આવ્યું હતું. જેમાં માસિક સ્રાવ સ્વચ્છતા દિવસ ૨૦૨૫ ની થીમ છે: ×એક સાથે માસિકસ્રાવ ફ્રેન્ડલી દુનિયા× છે. આ થીમ માસિક સ્રાવ અને માસિક સ્વાસ્થ્ય અંગે શિક્ષણ,જાગૃતિ અને સુલભતાના મહત્વ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે એવી દુનિયા બનાવવા પર ભાર મૂકે છે જયાં માસિક સ્રાવને જીવનના સામાન્ય ભાગ તરીકે સ્વીકારવામાં આવે, જરૂરી સંસાધનો અને સેવાઓ મેળવવામાં કોઈ કલંક અથવા અવરોધો ન હોય. આ કાર્યક્રમ સામુહિક આરોગ્ય નર્સિંગ વિભાગ, નૂતન કૉલેજ ઑફ નર્સિંગ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ બધા માટે ખુબ જ અસરકારક રહ્યો હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિષેશ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,ખરવડા મેડિકલ ઓફિસર અને અન્ય સ્ટાફ તેમજ નૂતન કૉલેજ ઑફ નર્સિંગના ફેકલ્ટી એ. પ્રૉ. અમી બડગુજર અને દિશા પટેલ મેડમ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમ સામુહિક આરોગ્ય નર્સિંગ વિભાગના હેડ પ્રો. બ્યુલા અને ફેકલ્ટી એ. પ્રૉ. અમી બડગુજર દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. શિવાસુબ્રમણ્યમએ સામુહિક આરોગ્ય નર્સિંગના હેડ પ્રો. બ્યુલા મેડમનો આભાર વ્યક્ત કર્યો હતો. જે બદલ સાંકળચંદ યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાણી, નૂતન કૉલેજ ઑફ નર્સિંગના પ્રિન્સિપાલ ડૉ. શિવાસુબ્રમણ્યમ, વાઈસ પ્રિન્સિપાલ ડૉ. મહાલક્ષ્મી તેમજ તમામ ફેકલટીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.



## રાજ્યના કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતના પુત્ર

# અર્જુનસિંહના લગ્નના સત્કાર સમારંભમાં પીએમ નરેન્દ્ર મોદીએ ઉપસ્થિત રહી આશીર્વાદ આપ્યા

(ગરવી તાકાત) સિદ્ધપુર તા.૨૭

સિધ્ધપુરના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતના સુપુત્ર અર્જુનસિંહ સંગ તપસ્યાબાના લગ્નના સત્કાર સમારંભમાં વિશ્વ મહાનાયક એવા ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉપસ્થિત રહી આશીર્વાદ આપતાં બલવંતસિંહ રાજપૂતે ગદગદિત થતાં જણાવ્યું હતું કે,જયાં આશીર્વાદ રાષ્ટ્રનાયકના શુભહસ્તે મળે, ત્યાં જીવનયાત્રા માત્ર વ્યક્તિગત આનંદ નહી પરંતુ રાષ્ટ્રસેવાના સંકલ્પથી તેજસ્વી બને છે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતના આમંત્રણને સ્વીકારી, સુપુત્ર અર્જુનસિંહ-તપસ્યાબાના લગ્નના સત્કાર સમારંભમાં પધારીને નવદંપતીને આશીર્વચન રૂપે કૃતાર્થ કર્યા છે.

ભારતનું ગૌરવ, ગુજરાતના સપૂત એવા વિશ્વના સર્વાધિક લોકપ્રિય નેતા, આદરણીય યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો અપાર પ્રેમ અને અવિસ્મરણીય સ્નેહ, નવદંપતીને ભાવી જીવન માટે પ્રેરણા આપશે.



માન. પ્રધાન મંત્રી નરેન્દ્ર ભાઈ મોદીની પ્રેરણાદાયી ઉપસ્થિતિ નવયુગલના જીવનમાં રાષ્ટ્રસેવાના સંકલ્પને વધુ મજબૂત બનાવી, ત્યારે બલવંતસિંહે આદરણીય પ્રધાનમંત્રીનો પરિવાર વતી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે, વ્યસ્ત કાર્યક્રમ હોવા છતાં અમારા પરિવારના મંગલ અવસર પર પ્રધાનસેવકની આ પ્રેરક ઉપસ્થિતિની ક્ષણો સદાય અમારા માટે જીવનભરની યાદગાર પળો બની રહેશે. અર્જુનસિંહ ના લગ્ન પ્રસંગમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, રાજ્યપાલ દેવવ્રત આચાર્ય, સી આર પાટીલ, પુરુષોત્તમ રૂપાલા કુવરજી બાવળીયા સહિત અનેક મંત્રીગણ આઈએએસ આઈપીએસ અધિકારીઓ તેમજ અગ્રગણ્ય ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ફાયર બ્રિગેડની ટીમે ચાર કલાક સુધી સતત પ્રયાસો કર્યા બાદ મૃતદેહને કેનાલમાંથી બહાર કાઢ્યા

# થરાદની નર્મદા કેનાલમાં યુવકે કેનાલમાં ઝંપલાવ્યું, ૪ કલાકની જહેમત બાદ મૃતદેહ બહાર કઢાયો

(ગરવી તાકાત) વાવ તા.૨૭

થરાદમાં નર્મદા કેનાલ પાસે એક દુખદ ઘટના સામે આવી છે. ડેરી પુલ પુલ પાસે એક યુવકે કેનાલમાં ઝંપલાવીને આત્મહત્યા કરી લીધી છે.

ઘટનાની જાણ થતાં જ નગરપાલિકાના ફાયર વિભાગને સૂચના આપવામાં આવી હતી. ફાયર ઓફિસર વિરમજી રાઠોડના નેતૃત્વમાં ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે ચાર કલાક સુધી સતત પ્રયાસો કર્યા બાદ મૃતદેહને કેનાલમાંથી બહાર કાઢ્યો હતો.



ફાયર ઓફિસર વિરમજી રાઠોડે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, તેમને કેનાલમાં કોઈ વ્યક્તિના કૂદી પડવાની માહિતી મળી હતી.

ત્યારબાદ તેમની ટીમે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. મૃતદેહને બહાર કાઢ્યા બાદ તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. મૃતક યુવકની ઓળખ ભરતભાઈ તરીકે થઈ છે.

આ ઘટના થરાદ વિસ્તારમાં ચર્ચાનો વિષય બની છે. નર્મદા કેનાલમાં આવી ઘટનાઓ અગાઉ પણ બની ચૂકી છે, જે ચિંતાનો વિષય છે.

## ધોરણ ૧૦ના પરિણામ પત્રકોનું શાળાઓ દ્વારા વિતરણ

# સાબરકાંઠા જિલ્લામાં ૭૮.૫૯% વિદ્યાર્થીઓ પાસ, ગત વર્ષ કરતાં ૨.૦૮% ઘટાડો થયો

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૭

સાબરકાંઠા જિલ્લામાં ધોરણ ૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ આજે ૨૭/૦૫ના માર્કશીટનું વિતરણ શરૂ થયું છે. જિલ્લામાં કુલ ૧૯,૨૩૩ વિદ્યાર્થીઓમાંથી ૧૮,૫૭૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૪,૩૯૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે અને ૩,૯૭૫ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

ગ્રેડ વાઈઝ પરિણામમાં છ૧માં ૪૫૮, છ૨માં ૧,૬૬૨, મ૧માં ૨,૬૮૦, મ૨માં ૩,૭૦૪, ઝ૧માં ૩,૮૮૫, ઝ૨માં ૨,૧૧૬, ઢમાં ૧૪૦, ઈ૧માં ૨,૨૯૧ અને ઈ૨માં ૧,૬૮૪ વિદ્યાર્થીઓ રહ્યા છે.



જિલ્લાનું કુલ પરિણામ ૭૮.૫૯% આવ્યું છે, જે ગત વર્ષના ૮૦.૬૭% કરતાં ૨.૦૮% ઓછું છે.

હિંમતનગર-૧ સેન્ટર પર ૧,૬૫૧માંથી ૧,૬૨૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ સેન્ટરનું પરિણામ ૭૪.૪૪% આવ્યું છે. જ્યારે હિંમતનગર-૨ સેન્ટર પર ૧,૩૦૭માંથી ૧,૨૭૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ સેન્ટરનું પરિણામ ૮૬.૨૪% આવ્યું છે.

૮ મેના રોજ પરિણામ જાહેર થયા બાદ ૨૭ મેથી માર્કશીટનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને માર્કશીટ સાથે તેમના તમામ પ્રમાણપત્રો પણ આપવામાં આવ્યા છે. હવે વિદ્યાર્થીઓ આગળના અભ્યાસ માટે શાળા-કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરશે.

# અમાસ નિમિત્તે હિંમતનગરના ભોલેશ્વર મહાદેવ મંદિરે કાલસર્પ, ગ્રહ પૂજા અને કુંભ પૂજા સહિતની વિધિઓ યોજાઈ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૭

હિંમતનગરના હાથમતી નદી કિનારે આવેલા સ્વયંભૂ ભોલેશ્વર મહાદેવ મંદિરમાં અમાસ નિમિત્તે ભક્તોની મોટી સંખ્યામાં ભીડ જામી હતી. મંગળવારે વહેલી સવારથી મંદિર પરિસરમાં વિવિધ ધાર્મિક વિધિઓનો પ્રારંભ થયો હતો.

બ્રાહ્મણો દ્વારા કાલસર્પ, ગ્રહ પૂજા અને કુંભ પૂજા સહિતની વિધિઓ કરવામાં આવી હતી. મંદિર પરિસર મંત્રોચ્ચારથી ગુંજાયમાન બન્યું હતું. સોમવારે બપોર બાદથી શરૂ થયેલી અમાસ મંગળવાર બપોર સુધી ચાલી હતી.



આ દરમિયાન શિવ મંદિરો અને ત્રિવેણી સંગમ ખાતે પણ ભક્તોએ પૂજા-અર્ચના કરી હતી. વિશેષમાં, હિંમતનગરના ખાડિયા વિસ્તારમાં શ્રી જાગૃતિ યુવક મંડળ દ્વારા સંચાલિત શનિદેવના મંદિરે શનિ જયંતિ નિમિત્તે સવારે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હવનમાં મંડળના સભ્યો અને ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

Volume : 11 Issue : 44 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002